

**ધરતીપુત્રો ત્રાહિમામ**

તાપી કિનારાનાં ગામોમાં મોટર ફાડી કોપર ચોરી કરનારાઓનો આતંક, બે મહિનામાં ચોથો બનાવ

# નદીના કાંઠે ચોરોનું તાંડવ!

» કુકરમુંડા તાલુકાનાં પીસાવર, ઉભદ, સદગવાણ અને બાલદા સહિતનાં ગામોમાં સિંચાઈની મોટરોને નિશાન બનાવાઈ » ચોરીના બનાવો રોકવામાં પોલીસ નિષ્ફળ હોવાનો ખેડૂતોનો આક્ષેપ



કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકામાં તાપી નદીના કિનારે આવેલા પીસાવર સહિતનાં ગામોમાં સિંચાઈની મોટરો ફોડીને તેમાંથી કોપર (તાંબું) ચોરી કરવાના બનાવો સતત સામે આવી રહ્યા છે. છેલ્લા બે મહિનાથી આવી ઘટનાઓ બનતી હોવાનું અને પીસાવર વિસ્તારમાં ચોથી વખત મોટરોને નિશાન બનાવવામાં આવી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. વારંવાર બનતી ચોરીની ઘટનાઓને કારણે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. અને ચોરીના બનાવો રોકવામાં પોલીસ નિષ્ફળ હોવાનો ખેડૂતો આક્ષેપ કરી રહ્યા છે. કુકરમુંડા તાલુકાનાં પીસાવર, ઉભદ, સદગવાણ, બાલદા અને સાતોલા સહિતનાં તાપી નદી કિનારાનાં ગામોમાં અનેક પરિવારો ખેતી, પશુપાલન, ખેતમજૂરી અને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ખેડૂતો તાપી નદીના પાણીથી ખેતરોમાં સિંચાઈ કરવા માટે આધુનિક મોટરોનો ઉપયોગ કરે છે. તેના દ્વારા શેરડી, કપાસ, પપૈયા સહિતના વિવિધ પાકોનું વાવેતર કરવામાં આવે છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર તાપી નદીના કિનારે સિંચાઈ માટે મૂકવામાં આવેલી મોટરોની કિંમત પ્રતિ મોટર રૂ.50 હજારથી વધુ છે. ચોરો મોટરોને તોડી તેમાં રહેલું કોપર એટલે કે તાંબું કાઢી લઈ જાય છે અને મોટરનાં ખોખાં સ્થળ પર જ છોડી દે છે. આ પ્રકારની ચોરીને કારણે ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. ખેડૂતોએ મોટર ચોરીના બનાવો અટકાવવા અને જવાબદારોને પકડવા માટે અગાઉ કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી હોવાની માહિતી મળી છે.

## મુબારકપુરમાં ખેતરોમાંથી કેબલ વાયરની ચોરી

કુકરમુંડાઃ નિઝરના મુબારકપુર ગામની સીમમાં આવેલા અલગ-અલગ ખેતરોમાંથી સિંચાઇ માટે લગાવેલા મોટર પંપ અને સબમર્સિબલના ઇલેક્ટ્રિક તાંબાના કેબલ વાયરની ચોરી થઇ હોવાની ઘટના સામે આવી છે. તા.23/10/2026ના સાંજે 7 વાગ્યાથી તા.24/10/2026ના સવારે 7 વાગ્યા દરમિયાન અજાણ્યા ચોર ઇસમ કુલ 240 ફૂટ કેબલ વાયર, જેની કિં. રૂ.3,600 થાય છે, તેની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે મુબારકપુરના રાહુલ ઉદવભાઇ પટેલે નિઝર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચોરોને વહેલી તકે પકડી પાડવા ખેડૂતોની માંગ

ખેડૂતોના જણાવ્યા મુજબ હજુ સુધી ચોરીના બનાવો અટક્યા નથી. ગત રાત્રિના સમયે ફરી એકવાર તાપી નદી કિનારે ખેતરોમાં મૂકેલી ખેડૂતો ગોવિંદભાઈ પાટીલ, નરેન્દ્રભાઈ પાટીલ, સંદીપભાઈ પટેલ અને અશોકભાઈ પટેલની મોટરોને તોડી તેમાંથી કોપર ચોરી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. વારંવાર બનતી આ ઘટનાઓને પગલે અસરગ્રસ્ત ખેડૂતો અને સ્થાનિક ખેડૂતોએ પોલીસ તંત્ર સમક્ષ ચોરીના બનાવોની ગંભીરતાથી તપાસ કરી જવાબદારોને વહેલી તકે પકડી પાડવા તથા આવી ઘટનાઓ પર અંકુશ આવે તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## મુળદના શુભમ ઇન્ડસ્ટ્રિયલ પાર્કમાં રૂ.1.50 લાખના કોપર વાયરની ચોરી

કીમ: ઓલપાડના મુળદ ગામના શુભમ ઇન્ડસ્ટ્રિયલ પાર્કના પ્લોટ નં.56થી 59ના પ્રથમ માળે આવેલી કંપનીમાં તા.27 સપ્ટેમ્બરના સાંજે 7:30 વાગ્યાથી તા.28 સપ્ટેમ્બરના સવારે 9:30 વાગ્યા દરમિયાન ચોરી થઈ હતી. અજાણ્યો તસ્કર કંપનીના પાછળના ભાગે આવેલી દીવાલની આર.સી.સી. જાળી તોડી અંદર પ્રવેશ્યો હતો. તસ્કરે કંપનીમાં માટે લગાવેલા 35 એમ.એમ.ના આશરે 33 મીટર, 10 એમ.એમ.ના 54 મીટર, 2.5 એમ.એમ.ના 700 મીટર અને 10 એમ.એમ.ના 100 મીટર અર્થિંગ કોપર વાયર મળી કુલ આશરે 887 મીટર વાયર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ચોરાયેલા વાયરની કુલ કિંમત આશરે 1.50 લાખ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ અંગે સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા અશોકભાઈ માધજીભાઈ શેટાએ કીમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી અજાણ્યા તસ્કરને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.



# બારડોલીમાં બે બાઈક ભટકાતાં એકનું મોત

બારડોલીઃ બારડોલીના ધામડોદ રોડ પર નક્ષત્ર રેસિડેન્સી અને સાંઈ મંદિર પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટીમ્બરવા ગામના એક આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ટીમ્બરવા ગામના પટેલ ફળિયામાં રહેતા ૪૬ વર્ષીય હિતેશભાઈ ગોવિંદભાઈ પટેલ વિમલ એગ્રો કંપનીમાં કામ કરેતા હતા. ગત તા.૨૭ ઓક્ટોબરના રોજ કામ પૂર્ણ કરી સાંજના પોણા છ વાગ્યાના અરસામાં બાઈક લઈને ધામડોદ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી પૂરઝડપે આવી રહેલા એક હીરો સ્પ્લેન્ડર બાઈકના ચાલકે હિતેશભાઈની બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી.

આ ગંભીર અકસ્માતમાં હિતેશભાઈને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં પિતરાઈ ભાઈ વિવેકભાઈ સુરેશભાઈ પટેલ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમને પોતાની વાનમાં બેસાડી બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સઘન સારવાર કારગત નીવડે તે પહેલાં જ ફરજ પરના તબીબોએ હિતેશભાઈને મૃત જાહેર કરતાં પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. અકસ્માત સર્જનાર સ્પ્લેન્ડર બાઈકનો ચાલક પણ ટીમ્બરવા ગામનો જ નીતિનભાઈ રાઠોડ હોવાનું બહાર આવ્યું છે. આ સમગ્ર ઘટના સંદર્ભે મૃતકના ભાઈ વિવેકભાઈ પટેલે બારડોલી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માત સર્જનાર બાઈક ચાલક નીતિનભાઈ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલાની આગળની તપાસ બારડોલી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ નગીનભાઈ વસાવા ચલાવી રહ્યા છે.

# કુકરમુંડામાં ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર

**કુકરમુંડા** બસ સ્ટેશન ચોકડી પાસે કોંગ્રેસના આગેવાનોને પોલીસે ડિટેઇન કર્યા



કુકરમુંડાઃ કુકરમુંડા બસ સ્ટેશન ચોકડી ખાતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાંની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી રહેલા કોંગ્રેસના આગેવાનોને કુકરમુંડા પોલીસે ડિટેઇન કર્યા હતા. પદયાત્રા કાર્યક્રમ માટે મંજૂરી લેવામાં આવી ન હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરવામાં આવી હતી. કુકરમુંડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોહરસિંગ પ્રતાપસિંગ વસાવાની આગેવાની હેઠળ કોંગ્રેસના આગેવાનો કુકરમુંડા બસ સ્ટેશન ચોકડી પાસે એકત્ર થયા હતા અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. દરમિયાન પોલીસે તા.28/10/2026ના રોજ બપોરે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ 68 હેઠળ કુલ 15 આગેવાનોને કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે ડિટેઇન કર્યા હતા. ડિટેઇન કરાયેલા આગેવાનોમાં મનોહરસિંગ પ્રતાપસિંગ વસાવા, જીતેન્દ્રભાઈ મંધુકરભાઈ ચૌધરી, ચંદુભાઈ રાયસિંગભાઈ વસાવા, મહેન્દ્રભાઈ દિલીપભાઈ પાડવી, ઈશ્વરભાઈ વસનભાઈ નાઈક, મહેન્દ્રભાઈ દિનેશભાઈ વળવી, પ્રહલાદભાઈ રામસિંગભાઈ પાડવી, વિનોદભાઈ ઉત્તમભાઈ વળવી, રાકેશભાઈ શ્રાવણભાઈ વળવી, કલ્પેશભાઈ ભીમસિંગભાઈ વસાવા, ગણેશભાઈ તુકારામભાઈ પ્રધાન, ગજેન્દ્રભાઈ પ્રભાકરભાઈ વળવી, સાજનભાઈ દરબારસિંગ વળવી અને કલ્યાણદાસ દિનેશભાઈ વળવીનો સમાવેશ થાય છે.

# ગણેશ સુગરનો ૪ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક

**પ્રથમ** દિવસે પિલાણ યાર્ડ શેરડી પુરવઠાયુક્ત ટ્રેક્ટરોથી ભરાયું





ભરૂચઃ ભરૂચ અને સુરત જિલ્લાના શેરડી ઉત્પાદકો માટે આધારસ્તંભ ગણાતી વટારિયાની ગણેશ સુગર ફેક્ટરીએ બુધવારે શેરડી પિલાણ સિઝન ૨૦૨૬-૨૭નો શુભારંભ કર્યો હતો. શેરડી પિલાણના પ્રથમ દિવસે સંસ્થાનું પિલાણ યાર્ડ શેરડી પુરવઠાયુક્ત ટ્રેક્ટરોથી ભરાયેલું જોવા મળ્યું હતું. આ અવસરે સહકારી અગ્રણીએ મનમાં ઈચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પિલાણ સિઝન દરમિયાન શેરડી પુરવઠાયુક્ત વાહનોથી યાર્ડ ભરેલું રહે તો ભવિષ્ય સુવર્ણકાળ ગણાશે.

પિલાણ સિઝનના શુભારંભ દિવસે ડિરેક્ટર નિપુલભાઈ પટેલ અને ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા દ્વારા પૂજાવિધિ સંપન્ન કરવામાં આવી હતી. તેમજ સહકારના ભાવથી ઉપસ્થિત સૌએ ફળ વધેરીને પિલાણ માટે શેરડીનો સાંઠો નાંખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા, વાઈસ ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડા, ડિરેક્ટર જીતેન્દ્રસિંહ જાદવ, નિપુલભાઈ પટેલ, ચંદનભાઈ વસાવા, મહેન્દ્રભાઈ વસાવા, મેનેજિંગ ડિરેક્ટર અમરસિંહ રાણા, ભરૂચ ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટર ભારતેન્દ્રસિંહ વાંસદીયા, સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટર દિલીપસિંહ રાઠોડ, માજી ડિરેક્ટર કિરણ પટેલ, ધર્મેન્દ્રસિંહ મહીડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શેરડી ઉત્પાદક ખેડૂત દ્વારા વધુને વધુ શેરડી પિલાણ થાય તે માટે સંસ્થાની કસ્ટોડિયન કમિટી તત્પર થઈ છે. જોકે, આ વખતે દક્ષિણ ગુજરાતમાં સુગર ફેક્ટરીઓ સમક્ષ શેરડીના પુરવઠાની અછત પડકાર સમાન છે. ત્યારે ગણેશ સુગરમાં આશરે ૪ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભીલોડ ગામે SBIનો એફ.આઇ. કેમ્પ યોજાયો



ભરૂચઃ વાલિયાના ભીલોડ ગામમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા એ ફ . આ ઈ . કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં SBI દ્વારા લાઈફ-પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, બચત યોજના, બાળ યોજના, નિવૃત્ત યોજનાઓ, ટર્મ પ્લાન્સ, યુનિટ લિંક્ડ વીમા યોજના, મની બેન્ક ઇન્કમ પ્લાન્સ, ગ્રાહક સેવાઓ, SBI લાઈફ અને ગ્રુપ વીમા યોજના, સાધન-કેલ્ક્યુલેટર, જીવન વીમા પુસ્તકાલય, પ્રધાનમંત્રી જન-ધન યોજના, સુરક્ષા ડિપોઝિટ યોજના, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFYB), પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY) વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના (વૃદ્ધ પેન્શન યોજના- રાજ્ય સરકાર), વિકલાંગ પેન્શન યોજના, વિકલાંગ પેન્શન યોજના-સંત સુરદાસ યોજના (રાજ્ય સરકારની યોજના) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, વિદ્યા સાધના યોજના, પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના, કોચિંગ ફી આપવાની યોજના, સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ (IDDP) અને વ્યક્તિગત ધોરણે આવાસ માટે નાણાકીય સહાય, અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન સહિતની લાભકારી યોજનાઓ અંગે બેન્કના અધિકારીએ ગ્રામજનોને માર્ગદર્શન આપ્યું હતું. આ એફ.આઈ. કેમ્પમાં ગામના સરપંચ નટુભાઈ વસાવા અને SBI બેન્કના અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વર જીઆઇડીસીમાં હોટલના રૂમમાંથી વિદેશી દારૂ ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ દ્વારા વાલિયા ચોકડી નજીક આવેલી હોટલ એરોન પ્લાઝામાં તપાસ હાથ ધરવામાં આવતાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. હોટલના રૂમ નં.૩૦૨માંથી દારૂની કુલ ૧૩૭ બોટલ અને ટીન મળી આવતાં પોલીસે રૂ.૨,૮૦,૫૧૩ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહી દરમિયાન હોટલના રૂમમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલે પોલીસે અંકલેશ્વર જીઆઇડીસીના અક્ષરદીપ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૯ વર્ષીય કરણ નીતિન રુઘાણીની ધરપકડ કરી હતી. દારૂની કુલ કિં.રૂ.૨,૮૦,૫૧૩ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### મતદારોનાં નામ દૂર થતાં ભરૂચમાં કોંગ્રેસનો ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપ



ભરૂચઃ ભરૂચ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે 'વોટ બચાવો, દેશ બચાવો'ના સૂત્ર સાથે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસે ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવી ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસના દક્ષિણ ઝોનના ઈનચાર્જ ચારુલતા ટોકસેએ આક્ષેપ કર્યો હતો કે, ચૂંટણી પંચ ભાજપ સરકારના દબાણ હેઠળ કામ કરી રહ્યું છે. તેમણે મતદાર યાદી સુધારણા માટેની SIR પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ પ્રક્રિયા દરમિયાન આશરે 65 લાખ મતદારોનાં નામ ખોટી રીતે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે. આગામી 1 નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાન ખાતે INDIA ગઠબંધન દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવશે એમ જણાવાયું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વરમાં રાસ-ગરબા યોજાયા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર જીઆઈડીસી રાજપૂત સમાજ (ગિરાસ) અને મહિલા ઉત્કર્ષ સમિતિના સંયુક્ત ઉપક્રમે ચંદની પડવાના પવિત્ર પર્વ નિમિત્તે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના સભ્યો અને મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઈ પરંપરાગત રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતા આ કાર્યક્રમમાં સૌએ ઉત્સાહપૂર્વક રાસ-ગરબાની મોજ માણી હતી. આવા સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમાજમાં એકતા, ભાઈચારો અને પરસ્પર સ્નેહની ભાવના વધુ મજબૂત બને છે. મહિલા ઉત્કર્ષ સમિતિની સહભાગિતાએ કાર્યક્રમને વિશેષ મહત્ત્વ આપ્યું હતું.

## અંકલેશ્વરના બાપુનગર નજીક જુગાર રમતા ત્રણ ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સારંગપુર ગામ નજીક બાપુનગર પાસે જુગાર રમતા ત્રણ શખ્સને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યા છે. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન સારંગપુર ગામ નજીક બાપુનગરની બાજુમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરમિયાન જુગાર રમતા શૈલેષ શિવબાલક ચતુર્વેદી, રાહુલ રઘુવીરસિંહ યાદવ અને પરમેશ્વર સત્યેન્દ્ર પાંડેને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.૧૧ હજાર કબજે કર્યા હતા. બાદ ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

# ઓનલાઈન ઓર્ડર પરત કરવા જતાં યુવક છેતરાયો

**કોસંબાની** મંગલમૂર્તિ સોસાયટીના યુવકે 99 હજાર રૂપિયા ગુમાવ્યા

હથોડાઃ માંગરોળના ધામરોડ ગામે જે.વી.એસ. કંપનીમાં નોકરી કરતા અને કોસંબાની મંગલમૂર્તિ સોસાયટીમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના વતની અંકિતકુમાર વિરેન્દ્રપ્રતાપસિંહ રાજપૂત સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. આ મામલે તેમણે કોસંબા પોલીસનું શરણું લેતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અંકિતકુમારે ગત તા.૧૪ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ SHOPEE/SHOPSY APPLICATION દ્વારા ઓનલાઈન જીન્સ પેન્ટનો ઓર્ડર કર્યો હતો. જેની ડિલિવરી તેમને મળી ગઈ હતી અને તેમણે રૂ.૧૬૦ રોકડા ચૂકવ્યા હતા. જોકે, સાઈઝ નાની હોવાથી તે જ દિવસે ઓર્ડર પરત કર્યો હતો. ત્યારબાદ તે ઓર્ડરના પૈસા પરત મેળવવા માટે ગૂગલ પરથી શોપસી એપ્લિકેશનનો કસ્ટમર કેર નંબર મેળવી સંપર્ક કર્યો હતો. સંપર્ક દરમિયાન સાયબર ઠગોએ ફરિયાદીના વોટ્સએપ નંબર પર એક શંકાસ્પદ CUSTOMER SUPPORT.APK નામની એપ્લિકેશનની લિંક અને ક્યુઆર (QR) કોડ મોકલ્યો હતો. ફરિયાદીએ વિશ્વાસમાં આવીને તે લિંક ખોલીને જરૂરી વિગતો ભરતાની સાથે જ તેમનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. ફોન હેક થતાં જ ઠગોએ બેંક ઓફ બરોડાના ખાતામાંથી ગેરકાયદે રીતે કુલ રૂ.૯૯,૦૦૦ની માતબર રકમ ઉપાડી લીધી હતી. ઓનલાઈન છેતરપિંડી થયાની જાણ થતાં જ ફરિયાદીએ તાત્કાલિક નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સાયબર ક્રાઈમની પ્રાથમિક તપાસ અને અરજીના આધારે કોસંબા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# સોડગામમાં દીપડાએ અઢી વર્ષનું વાછરડું ફાડી ખાધું

ભરૂચઃ વાલિયા તાલુકાના સોડગામ ગામે ભાથીજી મંદિર ફળિયામાં પશુપાલક જશુભાઈ રાયસિંગભાઈ વસાવા પોતાના ઝૂંપડામાં રહે છે. તા.27 ઓક્ટોબરે મધરાત્રે તેમનો પરિવાર સૂતેલો હતો. તે વખતે ઘરની બાજુમાં પશુઓમાં બકરાં અને વાછરડું બાંધેલું હતું. ત્યારે દીપડાએ ખોરાક માટે અઢી વર્ષના વાછરડાને શિકાર બનાવી ફાડી ખાધું હતું.

# અંકલેશ્વરમાં કારમાંથી દારૂની ૯૩ બોટલ ઝડપાઈ

અંકલેશ્વરઃ વાલિયા ચોકડી પાસેથી અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે કારની તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે આ મામલે કામરેજના કઠોર ગામમાં ગુલિસ્તાનનગર ખાતે રહેતા મોહમ્મદ અનસ મોહમ્મદ યુસુફ જરીવાલા (ઉં.વ.૩૬) (વ્યવસાય-ડ્રાઈવિંગ)ની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ, મોબાઈલ, રોકડ અને કાર સહિત રૂ. ૭૨,૮૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# જંસુબરમાં 11 વર્ષની બાળકી પર દુષ્કર્મ કરનારો ઝડપાયો

ભરૂચઃ ભરૂચના જંબુસર તાલુકા પંથક વિસ્તારમાં માત્ર 11 વર્ષની માસૂમ સગીર બાળકી પર વિકૃત માનસિકતા ધરાવતા આરોપીએ દુષ્કર્મ આચર્યો હતો. આ ઘટના સામે સમગ્ર વિસ્તારમાં ફિટકાર વ્યાપી ગયો હતો. આ બાબતે કાવી પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

જંબુસર તાલુકાના એક ગામમાં રહેતી 11 વર્ષ અને 10 મહિનાની બાળકી માંડ પ્રાથમિક શિક્ષણ લઈ શકે એવી હતી. આ બાળકીને ગત તા.16 ઓક્ટોબરથી તા.27 ઓક્ટોબર સુધીના સમયગાળા દરમિયાન આરોપી સંજયભાઈ જેસંગભાઈ ઠાકોર (રહે.,ટુંડજ)એ દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના અંગે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી પણ આરોપીએ આપી હતી. જે બાબતે બાળકીના વાલીવારસોએ કાવી પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# 'ટ્રક પાર્કિંગ કેમ બરાબર કરાવતો નથી?' કહીને ગાર્ડ ઉપર હુમલો

**ગુણસદામાં** ટ્રાફિક બાબતે ગાર્ડને માર મરાતાં ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો

સોનગઢઃ સોનગઢના ગુણસદા ગામે આવેલી જે.કે. પેપરમિલના ગેટ નં.૧ સામેના ટ્રક પાર્કિંગ વિસ્તારમાં ગત સોમવારે રાત્રે ટ્રાફિક વ્યવસ્થાપન બાબતે બોલાચાલી થયા બાદ ઉશ્કેરાયેલા ત્રણ શખ્સોએ ફરજ પરના સિક્યુરિટી ગાર્ડ પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડ્યાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ઉમેશ બલવીર સોલંકી ગેટ નં.૧ના પાર્કિંગ એરિયામાં હાજર હતા. દરમિયાન નવી ઉકાઈ ગામના રવિભાઈ જમાભાઈ ગામીત મોપેડ લઈને આવ્યા હતા અને ટ્રક પાર્કિંગમાં કેમ બરાબર કરાવતો નથી તેમ કહી ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ રવિ ગામીત અને વાગદા ગામના રાકેશ રમેશભાઈ ગામીતે ભેગા મળી સિક્યુરિટી ગાર્ડને પકડી જમીન પર પાડી દીધા હતા અને છૂટા હાથે માર માર્યો હતો.

આ દરમિયાન વાગદા ગામના જ કમલેશ દેવલીયાભાઈ ગામીતે લાકડી વડે કપાળ, મોં, પીઠ અને શરીરના ભાગે આડેધડ માર મારતાં જમણા કાન પાસેથી લોહી નીકળવા લાગ્યું હતું. હુમલાખોરોએ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી.

અન્ય સ્ટાફના સભ્યો આવી જતાં ઘાયલ ગાર્ડને 108 એમ્બ્યુલન્સ દ્વારા સોનગઢ સરકારી હોસ્પિટલ અને બાદમાં વ્યારા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ઉકાઈ પોલીસે ગુનો નોંધી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.